કુલ 511200 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, 9 વિદ્યાર્થીને 90 ટકા, 108 ગુણ આવ્યા

મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપનું રિઝલ્ટ, 62837 વિદ્યાર્થીને 50% પણ ગુણ ન આવ્યા

- **પરીક્ષાના આધારે સ્કોલરશીપ, આદર્શ નિવાસી શાળામાં ધો.9માં પ્રવેશ અને કમિશનર શાળાઓમાં પ્રવેશ ફાળવવામાં આવે છે**

નવગુજરાત સમય > અમદાવાદ

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત તા.4 એપ્રિલના રોજ લેવામાં આવેલી મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. આ પરીક્ષામાં કુલ 511200 વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહ્યા હતા. જાહેર કરાયેલા પરિણામમાં કુલ 9 સ્કૂલના 9 વિદ્યાર્થીઓએ 90 ટકા એટલે કે 108 ગુણ મેળવ્યા છે. આ પરિણામના આધારે આગામી દિવસોમાં રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરીને ફાઈનલ મેરિટયાદી તૈયાર કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઓપન કેટેગરીમાં 60, એસસી અને એસટીમાં 55 ગુણ મેળવનારનો મેરિટયાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજ્યની સરકારી અથવા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં ધો.1થી 8 સુધીનો સળંગ અભ્યાસ કર્યો હોય અથવા તો રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત ધો.1માં પ્રવેશ મેળવીને ધો.8 સુધી સળંગ અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓને મેરિટના આધારે સરકારી-ગ્રાન્ટેડ અથવા ધારાધોરણો પ્રમાણે પસંદ થયેલી સ્વનિર્ભર સ્કૂલોમાં માધ્યમિક શાળાઓમાં ધો.9માં પ્રવેશ મેળવીને ધો.12 સુધીનો અભ્યાસ કરે તે માટે 25 હજાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. આ ઉપરાંત આદિજાતિ વિકાસ વિભાગ હસ્તગ આદર્શ નિવાસી શાળાઓમાં ધો.9માં પ્રવેશ પણ આ જ પરીક્ષાના આધારે ફાળવવામાં આવે છે. આ જ રીતે કમિશનરની શાળાઓ અંતર્ગત ધો.9ની ખાલી રહેલી અંદાજે 65 જગ્યાઓ પર પણ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપના આધારે પ્રવેશ ફાળવવામાં આવતો હોય છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત 4 એપ્રિલના રોજ પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી ગત તા.7મી એપ્રિલના રોજ જાહેર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને કોઈ રજૂઆત હોય તો તા.7મીથી 13મી એપ્રિલ સુધી ઈ-મેઈલ કરવા સૂચના આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓની રજૂઆત સમિતિ સમક્ષ મુકવામાં આવ્યા બાદ 20મી એપ્રિલના રોજ ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં આજે સત્તાવાર પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. કુલ 511200 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જે પૈકી 62837 વિદ્યાર્થીઓ એવા છે કે, જે 50 માર્કસ પણ લાવી શક્યા નથી.

127518 વિદ્યાર્થીઓએ 40 ટકા (48 ગુણ) મેળવ્યા

જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપના પરિણામમાં કુલ 9 શાળાના 9 વિદ્યાર્થીઓ 90 ટકા (108 ગુણ) મેળવવામાં સફળ રહ્યા છે. આજ રીતે 228 શાળાના 283 વિદ્યાર્થીઓ 80 ટકા (96 ગુણ) મેળવ્યા છે. 1510 શાળાઓના 2278 વિદ્યાર્થીઓ 70 ટકા (84 ગુણ) મેળવ્યા છે. આજ રીતે 4968 શાળાઓના 10936 વિદ્યાર્થીઓએ 60 ટકા (72 ગુણ) કરતાં વધુ માર્કસ મેળવ્યા છે. જ્યારે 11362 શાળાના 39696 વિદ્યાર્થીઓએ 50 ટકા (60 ગુણ) કરતાં વધારે અને 19663 શાળાઓના 127518 વિદ્યાર્થીઓએ 40 ટકા (48 ગુણ)થી વધારે માર્કસ મેળવ્યા છે.

કેટલા વિદ્યાર્થીઓ કેટલા માર્કસ મેળવ્યા

માર્કસ	વિદ્યાર્થીઓ	માર્કસ	વિદ્યાર્થીઓ	માર્કસ	વિદ્યાર્થીઓ
0થી 39	249230	65થી 69	9922	95થી 99	241
40થી 44	93649	70થી 74	6143	100થી 104	77
45થી 49	62837	75થી 79	3578	105થી 109	23
50થી 54	40140	80થી 84	2057	110થી 114	2
55થી 59	25648	85થી 89	1081	115થી 120	0
60થી 64	16045	90થી 94	541	કુલ	511200

ઓપન કેટેગરીમાં 60, એસસી-એસટીમાં 55 ગુણ લાવનારા વિદ્યાર્થીઓને મેરિટ યાદીમાં સમાવેશ કરાયો

ગાંધીનગર જિલ્લામાં 399 ઉમેદવારોના ભાવિનો આજે ફેંસલો

નવગુજરાત સમય > ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાની 3 સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઝંપલાવનારા 399 ઉમેદવારોનું ભાવિ આજે ખુલશે. ભાજપ, કોંગ્રેસ, આમ આદમી અને બહુજન સમાજ પાર્ટી તેમજ અપક્ષ ઉમેદવારોના રાજકીય જંગના પારખાનો ફેંસલો બપોર સુધીમાં આવી જશે, ત્યારે કહીં ખુશી તો કહીં ગમના દ્રશ્યો સર્જાશે અને કેટલાક નેતાની મુરાદ મનમાં જ રહી જાય તો નવાઈ નહીં.

વિજય મળવાનો જ છે તેવા વિશ્વાસ સાથે કેટલાક ઉમેદવારોના સમર્થકો અને કાર્યકરો ઢોલ-નગારા સાથે મતગણતરી સ્થળે ઉમટી પડશે. જો પરાજ્ય થશે તો વીલા મોઢે પરત ફરવા જેવો ઘાટ થશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત, 3 તાલુકા પંચાયતો અને 2 નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ તરફથી દિગ્ગજ નેતાઓની બાદબાકી કરી વધુ સંખ્યામાં નવા ઉમેદવારોને મેદાનમાં ઉતારી રાજકારણનો કક્કો બારખડી શીખવાડી સત્તા માટે તૈયાર કર્યા છે. નવા ઉમેદવારોની રાજકીય કારકીર્દી આગળ વધશે કે અટકી જશે તે પણ એક મહત્વનો મુદ્દો રાજકારણની દ્રષ્ટીએ માનવામાં આવી રહ્યો છે.

જિલ્લા પંચાયત (25 બેઠક) - 69.15 ટકા, દહેગામ નગરપાલિકા (7 વોર્ડ) - 75.17 ટકા, કલોલ નગરપાલિકા (11 વોર્ડ) - 61.73 ટકા, દહેગામ તાલુકા પંચાયત (28 બેઠક) -70.44 ટકા , માણસા તાલુકા પંચાયત (26 બેઠક) - 65.26 ટકા અને કલોલ તાલુકા પંચાયત (22 બેઠક) - 73.60 ટકા મતદાન થયુ છે.

જિ. પંચાયતમાં સૌથી વધુ ભોયણમાં 85.94 અને અડાલજમાં સૌથી ઓછુ 51.56 ટકા મતદાન

ગાંધીનગર જિલ્લા પંચાયતની 25 બેઠકમાં સૌથી વધુ ભોયણ મોટીમાં 85.94 અને અડાલજમાં સૌથી ઓછુ 51.56 ટકા મતદાન થયુ છે.
અમરાજીના મુવાડા-72.02, બહિયલ- 75.44, બિલોદરા-63.73, ચરાડા- (બિનહરીફ), છાલા-72.51 છત્રાલ- 66.86, ચિલોડા- 62.64, ડભોડા-69.04, હાલીસા- 69.53, હરખજીના મુવાડા- 64.47, ઇટાદરા- 69.25, કડજોદરા- 68.85, લોદરા- (બિનહરીફ), મહુડી- 65.12, પલિયડ- 71.47, પાનસર- 60.26, રખિયાલ- 70.36, સાદરરા- 70.79, સમો- (બિનહરીફ), સાણોદા- 73.03, સાંતેજ- 81.26, સરઢવ- 58.12, શેરીસા-75.49, સોજા- 71.16, ઉવારસદ- 70.27 અને વલાદ- 77.89.

પશ્ચિમ રેલવે
રાજકોટ ડિવિઝન

વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પસનું સમારકામ અને જાળવણી કામ

ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૦૬ (ઈએલ)
તારીખ : ૨૪.૦૪.૨૦૨૬

કામનું નામ: રાજકોટ ડિવિઝન પર ૩ વર્ષ માટે વિવિધ ઈલેક્ટ્રિકલ પમ્પસનું સમારકામ અને જાળવણી કામ. **અંદાજિત પડતર:** ₹ ७१,८४,४६५.५०/-, **ઈએમડી ખર્ચ:** १,४३,७००/-, **ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** તા.૧૮-૦૫-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત : www.ireps.gov.in** RJT-008

અમને ફોલો કરો: x.com/WesternRly

પશ્ચિમ રેલવે
અમદાવાદ ડિવિઝન

કોમ્પ્યુટર સોફ્ટવેરનો ઉપયોગ કરીને RDSO 2D ડ્રોઈંગનું 3-D ડ્રોઈંગમાં રૂપાંતરણ

ઈ-ટેન્ડર નં. સીડબ્લ્યુએમ-ઈડબ્લ્યુએસ-એડીઆઈ-૦૨-૨૦૨૬-૨૭. **(i) કામનું નામ:** કોમ્પ્યુટર સોફ્ટવેરનો ઉપયોગ કરીને ઉપલબ્ધ RDSO 2-D ડ્રોઈંગ્સને 3-D ડ્રોઈંગમાં રૂપાંતર કરવાનું તથા pdf ફોર્મેટમાં ઉપલબ્ધ RDSO 2-D ડ્રોઈંગ્સને 3-D મોડલ ફાઈલમાં રૂપાંતરિત કરવાનું તેમજ તે જ 3-D મોડલમાંથી તમામ સંબંધિત ફેબ્રિકેશન ડ્રોઈંગ્સ તૈયાર કરવાનું કામ. **પૂર્ણ કરવાનો સમયગાળો:** ૦૬ મહિના. **(ii) કામની અંદાજીત પડતર:** ₹ ૧૨,૨૫,૭૬૪.૩૮ **(iii) જમા કરાવવાની બીડ સિક્યુરીટી/ ઈએમડી:** ₹ ૨૪,૬૦૦.૦૦ **(iv) ટેન્ડર જમા કરવાની તારીખ અને સમય:** તા.૨૨-૦૫-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ખુલવાની તારીખ અને સમય:** તા.૨૨-૦૫-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે. **(vi) વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું વગેરે:** વેબસાઈટ વિગત: www.ireps.gov.in નોટીસ બોર્ડનું સ્થળ અને ઓફિસનું સરનામું : ચીફ વર્કશોપ મેનેજર (ઈડબ્લ્યુએસ), અમદાવાદની ઓફીસ, પશ્ચિમ રેલવે, પોસ્ટ-દિગ્વિજયનગર, કાળીગામ, અમદાવાદ-૩૮૨૪૭૦. મોબાઈલ નં. ૯૭૨૪૦૭૩૬૭૧. **નોંધ:** કામના વિગતવાર નિયમો અને શરતો રેલવેની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ADI-014

અમને ફોલો કરો: twitter.com/WesternRly

ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ : ૨૦૨૬-૨૭

ગાંધીનગર મહાનગરપાલિકા

પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન, ફાયર સ્ટેશનની પાછળ,
સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૬

ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીએ નીચે મુજબના વિષયે વિવિધ એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

ક્રમ	વિષય	ટેન્ડર ડાઉનલોડ કરવાની તારીખ	પ્રી-બીડ મીટીંગની તારીખ અને સ્થળ	ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ	ટેન્ડરમાં માગ્યા મુજબનાં ઓફલાઈન દસ્તાવેજો અને ભાવો મોકલવાની છેલ્લી તારીખ	ટેકનીકલ બીડ ઓપન કરવાની સંભવિત તારીખ	પ્રાઈસબીડ ઓપન કરવાની સંભવિત તારીખ
૧.	૧૦૦ આંગણવાડી ખાતે ગેસ કટપ સપ્લાય કરવા બાબત.	૨૭/૦૪/૨૬ સવારે ૧૧:૦૦ કલાકે	૨૦/૦૪/૨૬ બપોરે ૦૩.૦૦કલાકે	૦૬/૦૫/૨૬ સાંજે ૦૬:૦૦ કલાક સુધી	૦૮/૦૫/૨૬ સાંજે ૦૬:૦૦ કલાક સુધી	૧૧/૦૫/૨૬ સવારે ૧૧:૦૦ કલાકે	૧૨/૦૫/૨૬ સવારે ૧૧:૦૦ કલાકે
૨.	મુખ્ય કચેરી સેક્ટર-૧૭ ખાતે કટલરીન સપ્લાય કરવા બાબત.	૨૭/૦૪/૨૬ સવારે ૧૧:૦૦ કલાકે	૨૦/૦૪/૨૬ બપોરે ૦૩.૩૦કલાકે	૦૬/૦૫/૨૬ સાંજે ૦૬:૦૦ કલાક સુધી	૦૮/૦૫/૨૬ સાંજે ૦૬:૦૦ કલાક સુધી	૧૧/૦૫/૨૬ સવારે ૧૧:૦૦ કલાકે	૧૨/૦૫/૨૬ સવારે ૧૧:૦૦ કલાકે

(પ્રી-બીડ મીટીંગ સ્થળ: મુખ્ય કચેરી, મીટીંગ હોલ, ત્રીજો માળ, સેક્ટર-૧૭, ગાંધીનગર.)

ઉપરોક્ત તમામ ટેન્ડર ઓનલાઈન વેબસાઈટ: www.gandhinagarmunicipal.com પરથી ડાઉનલોડ કરી શકાશે અને ટેન્ડરને લગતી વધુ સંલગ્ન વિગતો જે-તે ટેન્ડર સાથે ઉપલબ્ધ હોઈ ઓનલાઈન જોઈ શકાશે તથા વધુ માહિતી માટે સ્ટોર શાખા, ગાંધીનગર મહાનગરપાલિકા નો સંપર્ક કરવાનો રહેશે.

તારીખ :- ૨૭/૦૪/૨૬
સ્થળ :- ગાંધીનગર.

માહિતી/૯૮/૨૦૨૬-૨૭

સહી/-
નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે પ્રા.શાળા સર્વોદય નગર ચકલાસી,તા. નડિયાદ, જી .ખેડા ના ઓરડા નંગ-૧ સિમેન્ટના પતરાવાળાના કાટમાળની જાહેર હરાજી રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેવા ઈચ્છુક તમામ વ્યક્તિઓને હાજર રહેવા જણાવવામાં આવે છે. હરાજીની શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. હરાજીની ડિપોઝિટની રકમ ૫૦૦૦/- રાખવામાં આવેલ છે.

સ્થળ:- પ્રાથમિક શાળા સર્વોદય નગર ચકલાસી. તા. નડિયાદ, જી.ખેડા
તારીખ:- ૦૧/૦૫/૨૦૨૬ ને શુક્રવાર, સમય:- સવારે ૧૦:૦૦ કલાકે.

લી. એસ.એમ.સી. સર્વોદય નગર પ્રા .શાળા (ચકલાસી)

MANAPPURAM FINANCE LTD.
CIN : L65910KL1992PLC006623
Registered Office: W - 4/ 638A, Manappuram House,
P.O. Valapad, Thrissur - 680 567, Kerala, India

લિલામની સૂચના

ગિરવીદાર, કોઇ ખાસ અને આમ જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે જણાવેલા અકાઉન્ટ્સનાં સોનાનાં ઘરેણાંની હરાજીજાહેર જનતા માટે નીચે જણાવેલી શાખાઓમાં 16/05/2026 દિવસે સવારે 10.00 વાગ્યાથી યોજવામાં આવશે.રજિસ્ટર્ડ પત્રો દ્વારા સૂચિત કરવા છતાં પોતાની લોનની રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલા કસૂરવાર ગ્રાહકોના સોનાના દાગીનાઓનું અમે લિલામી કરી રહ્યા છીએ. લિલામ ના થયેલી આઈટમોનું લિલામ કોઈ અન્ય દિવસોમાં કોઈ પણ વધુ સૂચના આપ્યા વિના કરવામાં આવશે. સ્થળ અથવા તારીખ (જો કોઈ હોય તો)માં કરવામાં આવેલા ફેરફારને કોઈ પણ વધુ સૂચના આપ્યા વિના લિલામ માટેના કેન્દ્રમાં અને વેબસાઈટ પર પ્રદર્શિત કરાશે.

ગૈરેની યાદી:
અમદાવાદ, જામલપુર, 0109700700029487, આરા,,, લુણાવાળા ગોધ્રા હાયવે, ગુજરાત, 0132740700028527, પંચમહાલ , લુણાવાડા ગોધરા હાઈવે ગુજરાત,, 0132190700027251, 7329, 7351, 8516,

ઉપરોક્ત હુલ્લેડમાં ભાગ લેવા ઈચ્છતા વયક્તિઓને નીચે મુજબ પાલન કરવું પડશેઃ- સ્થિ ધરાવતા બિડર્સએ હુલ્લેડના દિવસે જ એનઈએફટી /આરટીજીએસ દ્વારા રૂ. 10,000/- એ ઈએમડી (અસફળ બિડર્સને પરત આપવામાં આવશે) સબમિટ કરવું જોઈએ. બિડર્સને માન્ય આઈડી કાર્ડ/પાન કાર્ડ સાથે લાવવા જોઈએ. વધુ વિગતો માટે કૃપા કરીને 9072607147 પર સંપર્ક કરો.

અધિકૃત ઑફિસર
મણપ્પુરમ્ ફાઈનાન્સ લિ. વતી

જાહેર નોટીસ અમદાવાદના સાબરમતી તાલુકાના વાડજની સીમના સર્વે નં. ૫૪૯, ૫૫૦ તથા ૫૫૨ ટી.પી.સ્કીમ નં. ૨૮, ફાયનલ પ્લોટ નં. ૫૮૯ બેનખેતીની જમીનમાં આવેલ નિલકંઠવર્ણી ઘનશ્યામનગર કો.ઓ.હા.સો.લિ. આવેલ છે. તેમાં આવેલ ફલેટ નં. ટી/૯, વાળી મિલકત જે શ્યામાબેન રોહિતભાઈ આદિત્ય નાઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની આવેલ છે અને નિલકંઠવર્ણી ઘનશ્યામનગર કો.ઓ.હા.સો.લિ. દ્વારા શ્યામાબેન રોહિતભાઈ આદિત્ય ને શેર સર્ટીફીકેટ રૂા. ૫૦/- ના એક એવા કુલ પાંચ શેર રૂા. ૨૫૦/- ના આપવામાં આવેલ છે જે અસલ શેર સર્ટીફીકેટ ગુમ થયેલ છે અને તેઓએ સદરહું મિલકતના શેર સર્ટીફીકેટ બાબતે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત,બોજો, પોષાતો હોય તો દિન-૭માં અમોને જાણ કરવી તેમાં કસુર થયેથી સદરહું ફલેટમાં, કોઈપણ વ્યક્તિનો હકક પોષાતો નથી તેમ સમજી સદરહું ફલેટના શેર સર્ટીફીકેટ બાબતેનો અભિપ્રાય આપવામાં આવશે, જેની નોંધ લેવી. તા. ૨૭-૪-૨૦૨૬, અમદાવાદ.

અમારા વતી - મિતેશ આર. શર્મા (એડવોકેટ)
રહે.: વાય/૧૯, ઘનશ્યામનગર સોસાયટી, આર.ટી.ઓ. સામે, સુભાષબ્રિજ, અમદાવાદ. મો.: 94265 59995

ખુલ્લી જગ્યામાં સુતેલા માતા અને પુત્રને કારે ટક્કર મારતા મહિલાનું મોત

નવગુજરાત સમય > અમદાવાદ

સરસપુરમાં 44 વર્ષીય પિંકીબેન પટણી પરિવાર સાથે રહેતા હતા. ગત તા.22મીએ રાત્રે નરોડા હંસપુરા ખાતે સમૃધ્ધિ બિઝનેસ હબ કોમ્પ્લેક્સ પાસે ખુલ્લી જગ્યામાં સૂઈ ગયા હતા. તેમનો 15 વર્ષીય સગીર પુત્ર ત્યાં પાર્ક રિક્ષામાં સૂતો હતો. આ દરમ્યાન પૂરઝડપે આવી રહેલી કારે રિક્ષાને ટક્કર મારી હતી અને બાદમાં પિંકીબેન પર કાર ચઢાવી દેતા માતા-પુત્રને સારવાર માટે ખસેડ્યા હતા.

સારવાર દરમિયાન પિંકીબેનને ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. જી ડિવિઝન ટ્રાફિક પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

જાહેર નોટીસ

અમારા અસીલ **સમસાદબાનુ આરીફભાઈ કુરેશી**, રહેણાંક મકાન નં.૧૫૦, પોલીસ સ્ટેશનની પાછળ, મહેબૂબપાર્ક, મુ.સવગઢ, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠાનાઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની મિલકત સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના મોજે સવગઢ ગામની સીમના સર્વે/બ્લોક નંબર-૧૩૭ પૈકીની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નં.૧૫૦માં બનાવેલ રહેણાંક મકાન જેના સ.ચો.મી. ૧૧૪.૦૦ ચો.મી. અને જેમાં ૫૪.૦૦ સમ ચો.મી. બાંધકામ કરેલ છે. જેના પર અમારા અસીલે ગૃહ ફાઈનાન્સ જેને હવે બંધન બેંક તરીકે ઓળખાય છે. જેની હિંમતનગર શાખામાંથી લોન લઈને ગીરો મુકેલ છે. જેનો ગીરો ખત ક્રમાંક ૨૧૯૨ થી તા.૩૧/૦૩/૨૦૧૬ના રોજ નોંધાયેલ છે. અમારા અસીલે ઉપરોક્ત મિલકત **અનવરહુસેન મોહમદમિયા શેખ** પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં.૨૧૪૩ થી તા.૩૦/૦૩/૨૦૧૬ થી વેચાણ રાખેલ છે. જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે છે તે પહેલા **અનવરહુસેન મોહમદમિયા શેખ**નાઓએ સદર મિલકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૫૧૩૭થી તા.૩૧/૦૮/૨૦૧૫ના રોજ **મહમદફારૂક અબ્દુલકાદર મેમણ**નાઓ પાસેથી વેચાણ રાખેલ છે. જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે છે તે પહેલા **મહમદફારૂક અબ્દુલકાદર મેમણ**નાઓએ સદર મિલકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૩૦૩૯ થી તા.૧૬/૧૨/૧૯૮૫ના રોજ અબ્દુલ હમીદ નુરભાઈ બાવનનાઓ પાસેથી વેચાણ રાખેલ છે. જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે નથી હાલમાં આ મિલકત પર ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરતા આ મિલકત ઉપર ગૃહ ફાઈનાન્સ જેને હવે બંધન બેંક તરીકે ઓળખાય છે જેની હિંમતનગર શાખાના સિવાય કોઈપણ સરકારી બેંક, સહકારી બેંક, પ્રાઈવેટ બેંકમાં કે ફાઈનાન્સ કે કોઈપણ વ્યકીત પાસે ગીરવે મુકેલ નથી કે તારણમાં મુકેલ નથી કે અન્ય કોઈનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો સમાયેલો નથી. જો કોઈપણ વ્યક્તિ, સંસ્થા, બેંક, પેઢી ફાઈનાન્સ વિગેરે સાદર મિલકતમી ભાગ, લાગ, હક્ક, હિસ્સો સમાયેલો હોઈ તો તેના આધાર પુરાવા સહીત દિન-૭માં હમો નીચે સહી કરનાર એડવોકેટશ્રીના લખેલ સરનામે રજુ કરવા. દિન-૭માં કોઈના પણ તરફથી કોઈ વાંધો રજુ નહી કરવામાં આવે તો ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

મુ.હિંમતનગર
તા.૨૭/૦૪/૨૦૨૬

પ્રદ્યુમનસિંહ યશપાલસિંહ ઝાલા
(એડવોકેટ)
ઓફીસ - ઓફીસ નં.૬૧૩, વી અર્થવ કોમ્પ્લેક્ષ, ડી-માર્ટની બાજુમાં, મોતીપુરા, હિંમતનગર, તા.હિંમતનગર. જિ.સાબરકાંઠા. મો. ૯૭૨૫૭૭૩૪૨૧

જાહેર નોટીસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડીસ્ટ્રીક્ટ અમદાવાદ-૧૩ (સાબરમતી) ના સાબરમતી તાલુકાના મોજે ગામ ચાંદખેડા ની સીમના બ્લોક/સર્વે નંબર. ૪૬૦પૈકી વાળી જમીનના ટી.પી.સ્કીમ નંબર. ૨૦ ના ફાઈનલ પ્લોટ નંબર. ૧૬ ની જમીન ઉપર આવેલ "ધી ઓમશ્રી ત્રીપુરા સુન્દરી કો. ઓ. હા. સો. લી." કે જે "યોગીનગર" તરીકે ઓળખાતી યોજનામાં આવેલ "ફ્લેટ નંબર. સી-૧૩" ની આશરે ૬૬ સ.યો.વાર યાને કે ૫૫.૧૮ સ.યો. મિટરના બાંધકામવાળી મિલકત. અમારા અસીલ પ્રેમીલાબેન પ્રહલાદભાઈ શુકલા ની માલિકીની આવેલ છે તેઓને સદર મિલકતના ટાઈટલ કલીયરની અમારી પાસે માંગણી કરેલ છે. જેથી ઉપરોક્ત મિલકત અંગે કોઈપણ વારસદારો, બેંક કે ફાઈનાન્સ કંપની, સરકારી અર્ધ સરકારી કે ખાનગી કંપની કે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિત, હિસ્સો, કોઈના કોઈપણ રીતે હકક દાવો પોષાતો હોય તો તેના દસ્તાવેજી પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિન ૧૦ માં નીચે જણાવેલ સરનામે લેખીતમાં જાણ કરવી, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર કે વાંધો ચાલશે નહિ તેની નોંધ લેવી અને જો ના મળી આવે તો અમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરીશુ.

સ્થળ: અમદાવાદ, તારીખ-૨૭-૦૪-૨૦૨૬
એડવોકેટ અંશ ડી બારોટ (8200995649)
101, આગમન કોમ્પ્લેક્સ,નં. મીઠાખળી અન્ડરબ્રિજ, મીઠાખળી ૬ રોડ,મીઠાખળી

જાહેર હરાજી - જંગમ મિલકત

અમદાવાદ (ગ્રામ્ય)ના મે. એડીશનલ સીવીલ જજ શ્રી એમ. ડી. વિરાણી સાહેબની કોર્ટમાં, મુ. જુની હાઇકોર્ટ બિલ્ડીંગ, નવરંગપુરા.

રે. દરખાસ્ત નં. ૨૯/૨૦૨૫ — આંક-૨૬
દરખાસ્તદાર : સુનિલ રમણીકલાલ પારેખ — વિરુદ્ધ
સામાવાળા : શારદાબેન શાંતિલાલ જોષી

આથી જાહેર જનતા જોગ જણાવવાનું કે, નામદાર એડીશનલ સીવીલ જજ સાહેબ દ્વારા મજકુર દરખાસ્તના કામે નામદાર કોર્ટથી સામાવાળા વિરુદ્ધ જપ્તી વોરંટ કાઢવામાં આવેલ, જેના અનુસંધાને દરખાસ્તવાળા હુકમનામાંની વસુલી માટે જંગમ વોરંટની બજવણીમાં નામદાર કોર્ટના હુકમ અનુસાર બેલીફશ્રીએ સામાવાળાની જપ્તીમાં લીધેલ જંગમ મિલકત (ચીજ વસ્તુઓ) ની વિગત નીચે જણાવેલ માલ સામાન જમ કરી નોંધ કરી રીપોર્ટ રજુ કરેલ છે, વધુમાં નામદાર કોર્ટના આદેશ મુજબ સીપીસી ઓર્ડર-૨૧, રૂલ-૬૪ મુજબ દરખાસ્તનાં કામે જપ્તીમાં લીધેલ જંગમ મિલકતની જાહેર હરાજીથી વેચાણ કરી ઉપજની રકમ અદાલતમાં જમા કરવા બાબતે હુકમ કરેલ છે.

નામદાર કોર્ટના હુકમ મુજબ વેચાણ અધિકારી /કમીશ્નર તરીકે શ્રી એ.પી. દરજીનાંઓની નિમણુંક કરવામાં આવેલ છે. આથી તેમના દ્વારા જાહેર કરવામાં આવે છે કે, નીચે મુજબની જંગમ મિલકત (ચીજ વસ્તુઓ) ની હરાજીમાં ભાગ લેવા તા. ૧૪-૫-૨૦૨૬ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે હરાજીનું સ્થળ : ૨૩૭-૨૩૮, જી.આઇ.ડી.સી., નરોડા, ફેસ-૧, ગાંધી એન્જીનીયરીંગ પાસે, નરોડા, જી.આઇ.ડી.સી., અમદાવાદ ખાતે જાહેર હરાજી દ્વારા વેચાણ કરવામાં આવશે, આ બાબતે વધુ માહિતી સારૂ વેચાણ અધિકારીશ્રી / કોર્ટ કમીશ્નરશ્રીના મોબાઈલ નંબર ૯૯૨૫૭૧૮૯૫૯ અને દરખાસ્તદારના મોબાઈલ નંબર ૯૮૯૮૧૧૦૩૭૫ ઉપર સંપર્ક કરવો, સદરહું જંગમ-મિલકત (ચીજ વસ્તુઓ) ખરીદવામાં રસ ધરાવતી વ્યક્તિઓ કે એજન્સીએ હાજર રહેવું.

જંગમ-મિલકત (ચીજ વસ્તુઓ)ની વિગતો નીચે મુજબ છે.

(૧) લોખંડનો તવો - ૧ નંગ, (૨) તપેલા કડા વાળા એલ્યુમીનીયમના - ૧ નંગ (૩) ઈલે. વજનકાંટો - ૧ નંગ, (૪) સર્વિસ બાઉલનું બોક્ષ - ૧ નંગ, (૩ મોટા બાઉલ અને ૫ નાનાબાઉલ) (૫) ફીજ પેનાસોનિક ડબલ ડોર ગ્રે કલર - ૧ નંગ, (૩૦૮ લીટર) (૬) ઘરઘંટી નટરાજ કંપનીની - ૧ નંગ, (૭) હોટ પ્લેટ (લોખંડની) - ૧ નંગ, (૮) તપેલા કડા વગરના એલ્યુમીનીયમના - ૩ નંગ, (૯) તપેલા કડાવાળા એલ્યુમીનીયમના - ૨ નંગ, (૧૦) તપેલાના ઢાંકણા (છીબા) - ૩ નંગ, (૧૧) પ્લાસ્ટીકની પ્લેટ - ૩૭૩ નંગ, (૧૨) પ્લાસ્ટીકની વાટકી - ૩૨૦ નંગ, (૧૩) પીત્તળનું તપેલુ - ૧ નંગ, (૧૪) એલ્યુમિનીયમનું કુકર - ૨ નંગ, (૧૫) ચાની કીટલી (એલ્યુમીનીયમ) - ૧ નંગ, (૧૬) કાણાં વાળુ તગારુ - ૧ નંગ, (૧૭) મિક્ષર જાર વગરનું - ૧ નંગ, (૧૮) મિક્ષર જાર સાથે - ૧ નંગ, (૧૯) એલ્યુમિનીયમનું ધાતુનું કુકર - ૧ નંગ, (૨૦) ટેબલ પંખો - ૨ નંગ, (૨૧) પાણીની મોટર રૂબી કંપનીની - ૧ નંગ, (આશરે ૫ મીટર પાઈપ સાથે) (૨૨) લોખંડની કડાઈ (નાની-મોટી) - ૪ નંગ, (૨૩) લોખંડની તીજોરી - ૧ નંગ, (૨૪) લોખંડના તવા - ૧ નંગ, (૨૫) હેન્ડ બ્લેન્ડર (નેશનલ કંપનીનું) - ૧ નંગ - કુલ ૭૨૬

રીઝર્વ ભાવ અંદાજીત રૂા. ૨૦,૬૯૨/- (અંકે રૂપિયા વીસ હજાર છસો બાણુ પુરા)

મહત્વપૂર્ણ શરતો :

૧. હરાજી દરમ્યાન ખરીદનારાઓએ સ્થળ પર પોતાના ઓળખપત્ર સાથે હાજર રહી બિડીંગ કરવાની રહેશે.
૨. હરાજી દરમ્યાન ખરીદનારાઓએ વસ્તુ અંગેની સ્થિતિ અને ગુણવત્તા અંગે સંપૂર્ણ સંતોષ મેળવવાનો રહેશે ન્યાયાલય દ્વારા કોઈ પ્રકારની જવાબદારી લેવામાં નહી આવે. મિલકત જે રીતે છે તે રીતે વેચવામાં આવશે.
૩. જંગમ-મિલકત (ચીજ-વસ્તુઓ) ખરીદીની હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ/ એજન્સીઓ તા. ૧૩-૫-૨૦૨૬ ના રોજ સાંજના ૪-૦૦ થી ૬-૦૦ દરમ્યાન હરાજી કરવાના સ્થળ પર ચીજ વસ્તુઓનું નીરીક્ષણ કરી શકાશે.
૪. જંગમ-મિલકત (ચીજ વસ્તુઓ)ની હરાજીમાં ભાગ લેનાર વ્યક્તિ / એજન્સીએ અર્નેસ્ટ મની તરીકે રૂા. ૨૧૦૦/- (અંકે રૂપિયા બે હજાર એકસો પુરા) હરાજીના દિવસે સ્થળ પર જ જમા કરાવવાના રહેશે, ત્યારબાદ હરાજીમાં ભાગ લઈ શકશે.
૫. સીવીલ પ્રોસિજર કોડ નિયમ મુજબ કોર્ટનો કોઈપણ અધિકારી કે કર્મચારી લીલામી (હરાજી)માં ઉભા રહી શકશે નહી.
૬. બોલીની કેટલી રકમ વધારવાની છે તે વેચાણ ચલાવતા અધિકારી / કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા નક્કી કરવામાં આવશે, બોલીની રકમ અથવા બોલી લગાવનાર અંગે કોઈ વિવાદ ઉભો થાય તો, લોટ (વસ્તુ) ને તરત જ ફરીથી હરાજીમાં મુકવામાં આવશે.
૭. સૌથી વધુ બોલી લગાવનારને કોઈપણ લોટનો ખરીદનાર જાહેર કરવામાં આવશે અને એ શરતે કે, જો માંગણીમાં મુકાયેલ કિંમત એટલી બધી ઓછી હોય કે સ્વીકારવા યોગ્ય ન લાગે ત્યારે તેનો સ્વીકાર કરવો કે નહી તે ન્યાયાલય અથવા વેચાણ કરનાર અધિકારી / કમિશ્નરની વિવેક બુદ્ધિને આધિન રહેશે.
૮. સદરહું જંગમ-મિલકત (ચીજ વસ્તુઓ)ની સૌથી ઉંચી બોલી બોલનારને ખરીદનાર તરીકે જાહેર કરવામાં આવશે અને તે અંગેની રકમ તે સમય દરખાસ્તદારને અથવા કોર્ટમાં જમા કરવવાની રહેશે, ત્યારબાદ સદરહું (ચીજ-વસ્તુઓ)નો કબજો સોંપવામાં આવશે, ત્યારબાદ ખરીદેલ ચીજ-વસ્તુમાં કોઈ ખામી કે તકલીફ જણાય તો કોર્ટની કોઈ જવાબદારી રહેશે નહી.
૯. સદરહું જંગમ મિલકત (ચીજ-વસ્તુઓ) પર કોઈ બેન્ક/ સંસ્થાનો બોજો હોય તો તેઓએ સદરહું જાહેરાત દૈનિક સમાચાર પત્રમાં છપાયા તારીખથી દિન-૧૦માં કોર્ટમાં વાંધા રજૂ કરવાની રહેશે, ત્યારબાદ કોઈ વાંધા કે તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહી.
૧૦. ઉપર જણાવેલ માહિતી ન્યાયાલયની પૂરી પાડવામાં આવેલ માહિતી પ્રમાણે લખવામાં આવી છે, આ જાહેરાતમાં કોઈ ભુલચુક થઈ હોય અથવા ખોટી હકીકત લખાઈ હોય તો તે માટે ન્યાયાલયની કોઈ જવાબદારી રહેશે નહી, તેમજ હરાજી બાદ ન્યાયાલયની કોઈ જવાબદારી રહેશે નહી, તેમજ ન્યાયાલય દ્વારા હરાજી બાદ નામદાર કોર્ટ કોઈપણ તકરાર ધ્યાને લેવામાં આવશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આ જાહેરનામું આજ તા. ૨૪ માહે એપ્રિલ, વર્ષ ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવે છે.

તૈયાર કરનાર (બી.સી.મકવાણા) I/c. સુપ્રિન્ટેન્ડન્ટ
મુકાબલ કરનાર (કે. ડી. સોલંકી) I/c. સુપ્રિન્ટેન્ડન્ટ
કોર્ટનો સિક્કો
કોર્ટનું સીલ અને હસ્તાક્ષર (એ.એન. કોસરેકર) રજીસ્ટ્રાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, અમદાવાદ (ગ્રામ્ય)

જાહેર નોટીસ

અમારા અસીલ ઈન્દુબેન બાલકૃષ્ણભાઈ મહેતા, રહેણાંક આગીયોલ, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠાનાઓની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની મિલકત સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના મોજે કાંકણોલ ગામની સીમના સર્વે/બ્લોક નંબર-૭૯૪/૧ની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નં.૧૬માં બનાવેલ રહેણાંક મકાન જેના સ.ચો.મી. ૧૨૯.૧૮ ચો.મી. અને જેમાં ૭૫.૦૦ સમ ચો.મી. બાંધકામ કરેલ છે. અમારા અસીલે ઉપરોક્ત મિલકત **ધવલ નરેશભાઈ શાહ** પાસેથી રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૧૧૭૦૮ થી તા.૧૩/૦૯/૨૦૨૩થી વેચાણ રાખેલ છે. જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે છે. તે પહેલા **ધવલ નરેશભાઈ શાહ**નાઓએ સદર મિલકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૫૯૮૪થી તા.૦૧/૧૦/૨૦૧૪ના રોજ **રતિલાલ રાયચંદભાઈ પટેલ**નાઓ પાસેથી વેચાણ રખેલ છે. જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે છે. તે પહેલા **રતિલાલ રાયચંદભાઈ પટેલ**નાઓએ સદર મિલકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં.૫૩૪૧થી તા.૩૦/૦૬/૨૦૧૨ના રોજ પ્રભુદાસ જુગલદાસ પટેલનાઓ પાસેથી વેચાણ રાખેલ છે. જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે છે. તે પહેલા પ્રભુદાસ જુગલદાસ પટેલનાઓએ સદર મિલકત રજીસ્ટર વેચાણ દસ્તાવેજ અ.નં. ૩૩૦૬થી તા.૨૮/૧૧/૧૯૯૭ના રોજ રમણભાઈ ડાહ્યાભાઈ પટેલ અને બીજાઓનાઓ પાસેથી વેચાણ રાખેલ છે. જે અસલ દસ્તાવેજ અમારા અસીલ પાસે નથી. હાલમાં આ મિલકત પર ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરતા આ મિલકત ઉપર કોઈપણ સરકારી બેંક, સહકારી બેંક, પ્રાઈવેટ બેંકમો કે ફાઈનાન્સ કે કોઈપણ વ્યકિત પાસે ગીરવે મુકેલ નથી કે તારણમાં મુકેલ નથી કે અન્ય કોઈનો લાગ, ભાગ, હક્ક, હિસ્સો સમાયેલો નથી. જો કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક, પેઢી ફાઈનાન્સ વિગેરે સાદર મિલકતમી ભાગ, લાગ, હક્ક, હિસ્સો સમાયેલો હોઈ તો તેના આધાર પુરાવા સહીત દિન-૭માં હમો નીચે સહી કરનાર એડવોકેટશ્રીના લખેલ સરનામે રજુ કરવા. દિન-૭માં કોઈના પણ તરફથી કોઈ વાંધો રજુ નહી કરવામાં આવે તો ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

મુ.હિંમતનગર
તા.૨૭/૦૪/૨૦૨૬

પ્રદ્યુમનસિંહ યશપાલસિંહ ઝાલા
(એડવોકેટ)
ઓફીસ - ઓફીસ નં.૬૧૩, વી અર્થવ કોમ્પ્લેક્ષ, ડી-માર્ટની બાજુમાં, મોતીપુરા, હિંમતનગર, તા.હિંમતનગર. જિ.સાબરકાંઠા. મો. ૯૭૨૫૭૭૩૪૨૧

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા
SPORTS AUTHORITY OF INDIA
ભારત સરકાર/ GOVERNMENT OF INDIA
રમત વિભાગ/ DEPARTMENT OF SPORTS
(An Autonomous Body under Ministry of Youth Affairs and Sports)
(યુવા કાર્યક્રમ અને રમત મંત્રાલય હેઠળ એક સ્વાયત્ત સંસ્થા)
(માનવ સંસાધન વિભાગ-II)

મુખ્ય કાર્યાલય, ગેટ નં.૧૦ (પૂર્વ ગેટ),
જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ, લોધી રોડ, નવી દિલ્હી-૧૧૦૦૦૩

ફાઇલ નંબર: ૦૧-૦૪૦૦૧(૦૩)/૪/૨૦૨૬-૬૬ તારીખ: ૨૧-૦૪-૨૦૨૬

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં ડેપ્યુટી ડિરેક્ટર (ડેપ્યુટેશન બેસિસ) ની જગ્યા માટે ભરતી

યુવા બાબતો અને રમતગમત મંત્રાલય હેઠળની એક સ્વાયત્ત સંસ્થા, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) તેના મુખ્યાલય, નવી દિલ્હી અને વિવિધ પ્રાદેશિક એકમોમાં 03 વર્ષના સમયગાળા માટે ડેપ્યુટેશન ધોરણે પે મેટ્રિક્સ લેવલ-11 માં ડેપ્યુટી ડિરેક્ટરની 20 જગ્યાઓ માટે અરજીઓ આમંત્રિત કરે છે. પાત્ર ઉમેદવારો જરૂરી દસ્તાવેજો સાથે નિર્ધારિત ફોર્મેટમાં ડિરેક્ટર (HR ડિવિઝન-II), SAI, J.N. સ્ટેડિયમ કોમ્પ્લેક્સ, લોધી રોડ, નવી દિલ્હી-110003 ને અરજી કરી શકે છે. અરજીઓ પ્રાપ્ત કરવાની છેલ્લી તારીખ 21-05-2026 (સાંજે 5:00 વાગ્યે) છે. વિગતવાર જાહેરાત, પાત્રતા માપદંડ, અરજી ફોર્મ અને અન્ય સૂચનાઓ SAI વેબસાઇટ (www.sportsauthorityofindia.nic.in) પર ઉપલબ્ધ રહેશે.

cbc47103/11/0006/2627

સર્વોદય કોમર્શિયલ કો.ઓપરેટીવ બેન્ક લિ.મહેસાણા.
હેડ ઓફીસ : સર્વોદય બેન્ક રોડ, ભમરીયા નાળા પાસે, મહેસાણા-૩૮૪૦૦૨
Website: www.scc.bank.in E-Mail ID: info@scc.bank.in Ph No. 02762-230269

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (એકટ) ના પરિશિષ્ટ - ૪ ના નિયમ-૮(૫) ની જોગવાઈઓ

સ્થાવર મિલકતોની બીડ કમ હરાજી થી વેચાણ માટે જાહેર નોટીસ

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનારાઓ અને બાંહેધરી આપનારાઓને નોટીસ આપવામાં આવે છે કે સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ.મહેસાણાના અધિકૃત અધિકારીએ ઋણ લેનારાઓ પાસેથી બાકી રકમની વસુલાત માટે સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ તથા સિકયુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ્સ, ૨૦૦૨ના નિયમ નં.૮(૫) હેઠળ નીચે જણાવેલ સિકયોર્ડ અસકયામતોનો કબજો લીધા અન્વયે નીચે જણાવ્યા મુજબની સ્થાવર મિલકતનો "જ્યાં છે", "જે છે", અને "જેમ છે તે" પર વેચવામાં આવનાર છે. સદર સ્થાવર મિલકતની ખરીદી માટે સીલબંધ કવરોમાં નીચે સહી કરનાર દ્વારા ઓફરો મંગાવવામાં આવે છે. જેની વિગતો નીચે આપેલ છે.

અનુ નં.	દેણદાર/જામીનદાર/ગિરવેદારનું નામ અને સરનામું	માંગણા નોટીસ તારીખ અને રકમ અને કબજા તારીખ	રીઝર્વ કિંમત,ઈએમડી,અને વૃદ્ધિની રકમ	મિલકતની વિગત	કુલ બાકી રકમ
૧	કરજદાર / ગીરોકર્તા : ૧. રણજીતસિંહ પીથુજી પરમાર ૨. હીતેન્દ્રસિંહ રણજીતસિંહ પરમાર ૩. પદમાબેન રણજીતસિંહ પરમાર ઉપરોકત તમામ રહે.વિસનગર ૪. ધારાબેન રણજીતસિંહ પરમાર રહે.ગાંધીનગર જામીનદાર : ૫. સુરેશકુમાર રણછોડદાસ પટેલ ૬. પુષ્પેન્દ્રસિંહ સમરસિંહ રાઠોડ (૫ તથા ૬)રહે. વિસનગર ખાતા નંબર - ૮૦૫૦૧૭૩૫૩૦૦૦૦૪૦ શાખાનુ નામ - વિસનગર શાખા	માંગણા નોટીસ તા.૧૦/૧૧/૨૦૨૫ રૂા.૧,૨૬,૮૭,૫૩૧/- NPA તારીખ : ૦૫/૧૦/૨૦૨૫ વાસ્તવિક કબજો તા.૦૮/૦૩/૨૦૨૬	રીઝર્વ કિંમત રૂા.૨,૩૪,૦૬,૦૦૦/- ઈએમડી રૂા.૨૩,૪૦,૬૦૦/- બિડ વધારાની રકમ રૂા.૫૦,૦૦૦/-	રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ મહેસાણા, સબ ડીસ્ટ્રીકટ વિસનગર, મોજે ગામ ભાલક, રે.બ્લોક/સર્વે નં.૮૫૫ (જુ.સ.નં.૧૧૫૪ અને ૨૯૬) એન.એ. ઓપન લેન્ડ, હે.આરે.ચો.મી. ૧-૦૩-૦૯ (૧૦૩૦૯.૦૦ ચો.મી.) આકાર-૬.૫૯, ખાતા નંબર-૨૦૬૩ વાળી મિલકત	બોર્ડ ઓફ નોમીનીઝ કોર્ટ, મહેસાણાના સમરી લવાદી દાવા નં.૧૫૨/૨૦૨૩ તા.૦૫/૦૪/૨૦૨૪ ના હુકમનામા મુજબની તા.૩૧/૧૦/૨૦૨૫ ના રોજ ની લેણી રકમ રૂા.૧,૨૬,૮૭,૫૩૧/- (અંકે રૂપિયા એક કરોડ છવ્વીસ લાખ સત્યાંસી હજાર પાંચસો એકત્રીસ પુરા) તથા તે રકમ ઉપર તા.૦૧/૧૧/૨૦૨૫ થી ૧૧.૦૦% લેખે સાદા વ્યાજે ચુકવણા તારીખ સુધીનુ વ્યાજ તથા ખર્ચા
૨	કરજદાર / ગીરોકર્તા : ૧. રાજેન્દ્રકુમાર હુલીસીંગ રાજપુત જામીનદાર : ૨. પરાગભાઈ નરેન્દ્રકુમાર ખેરજાણી ૩. દેવેન્દ્રકુમાર કિશનચંદ રામનાણી તમામ રહે. મહેસાણા ખાતા નંબર - ૮૦૫૦૧૧૩૫૩૦૦૦૪૨૭ શાખાનુ નામ - આઝાદ ચોક શાખા	માંગણા નોટીસ તા.૩૧/૦૫/૨૦૨૩ રૂા.૭,૭૭,૫૮૯/- NPA તારીખ : ૩૦/૦૯/૨૦૧૮ સાંકેતિક કબજો તા.૧૪/૦૯/૨૦૨૩ વાસ્તવિક કબ્જો તા.૦૭/૦૧/૨૦૨૪	રીઝર્વ કિંમત રૂા.૬,૧૬,૦૦૦/- ઈએમડી રૂા.૬૧,૬૦૦/- બિડ વધારાની રકમ રૂા.૧૦,૦૦૦/- **સાતમો પ્રયાસ**	રજીસ્ટ્રેશન મહેસાણા ડીસ્ટ્રીકટ તથા સબ ડીસ્ટ્રીકટ તથા સબ ડીસ્ટ્રીકટ મહેસાણાના મોજે ગામ મહેસાણા રે.સ.નં.૪૭૭/૨ પૈકી વાળી જમીનમાં આવેલ "સુવિધા રેસીડેન્સી" ના પ્લોટો પૈકી - પ્લોટ અ.નં.૩૨ પૈકીની જમીન જેમાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફ્લોરનું બાંધકામ કરેલ છે. જેનું બાંધકામ તથા માર્જીનનું ક્ષેત્રફળ ચો.મી. ૩૫.૦૦ તથા સામુહીક ભોગવટાની જમીન ચો.મી. ૨૬.૦૦ એમ મળી કુલ ક્ષેત્રફળ ચો.મી. ૬૧.૦૦ સુમારે છે. સદર પ્લોટ સુવિધા રેસીડેન્સી સ્કીમ મુજબનો પ્લોટ નંબર ૬૧/બી આવેલ છે.	બોર્ડ ઓફ નોમીનીઝ, કોર્ટ મહેસાણાના સમરી લવાદી દાવા નં.૪૪/૨૦૨૦ તા.૧૮/૦૮/૨૦૨૧ ના હુકમનામા મુજબની તા.૩૦/૦૪/૨૦૨૩ સુધીના વ્યાજ સહિત લેણી નીકળતી રકમ રૂા.૭,૭૭,૫૮૯/- (અંકે રૂપિયા સાત લાખ સીત્યોતેર હજાર પાંચસો નેવ્યાંસી પુરા) તથા તે રકમ ઉપર તા.૦૧/૦૫/૨૦૨૩ થી ૧૪.૦૦% લેખે ચઢત વ્યાજે ચુકવણા તારીખ સુધીનુ વ્યાજ તથા ખર્ચા
૩	કરજદાર / ગીરોકર્તા : ૧. મૈયત શબ્બીરહુસેન હયાતભાઈ નાગોરીના કાયદેસરના વારસદાર... (૧/૧) હુસેનાબાનુ શબ્બીરભાઈ નાગોરી (૧/૨) શગુફતાબાનુ શબ્બીરભાઈ નાગોરી (૧/૩) મોઈનભાઈ શબ્બીરભાઈ નાગોરી (૧/૪) મંજુરભાઈ શબ્બીરભાઈ નાગોરી (૧/૫) આસીફાબાનુ શબ્બીરભાઈ નાગોરી (૧/૬) બેંકની જાણમાં ન હોય તેવા અન્ય તમામ વારસદારો, એર્ટની, એસાઈની કે સદર મિલકતમાં હીત ધરાવનાર તમામ પક્ષકારો. જામીનદાર : ૨. ફીરોજ અકબરભાઈ સેના ૩. નસરીનબાનુ ઈકબાલહુસેન બેલીમ ૪. નુરમહમ્મદ સાલેભાન બેલીમ ખાતા નંબર - ૮૦૫૦૧૧૩૫૩૦૦૦૪૩૮ શાખાનુ નામ - આઝાદ ચોક શાખા	માંગણા નોટીસ તા.૧૯/૦૪/૨૦૨૩ રૂા.૮,૯૧,૦૬૩/- NPA તારીખ : ૩૧/૦૭/૨૦૧૬ સાંકેતિક કબજો તા.૧૪/૦૯/૨૦૨૩ વાસ્તવિક કબ્જો તા.૧૮/૦૨/૨૦૨૪	રીઝર્વ કિંમત રૂા.૬,૬૫,૦૦૦/- ઈએમડી રૂા.૬૬,૫૦૦/- બિડ વધારાની રકમ રૂા.૧૦,૦૦૦/- **છઠ્ઠો પ્રયાસ**	રજીસ્ટ્રેશન મહેસાણા ડીસ્ટ્રીકટ તથા સબ ડીસ્ટ્રીકટ મહેસાણાના મોજે ગામ મહેસાણા ગામતળમાં લવાર મકલા વિસ્તારમાં આવેલ મકાન જે મહેસાણા સીટીના ટીકા નં.૪/૨ સીટી સર્વે નંબર-૫૭ થી નોંધાયેલ છે અને તેનું ક્ષેત્રફળ ચો.મી. ૪૩-૪૭-૮૭ સુમારે થાય છે. તેનો મ્યુ.સે.નં.૩/૨૧/૪૫ પરેલ છે તે મિલકત	બોર્ડ ઓફ નોમીનીઝ, કોર્ટ મહેસાણાના સમરી લવાદી દાવા નં.૧૨૦/૨૦૧૭ તા.૦૮/૦૯/૨૦૧૭ ના હુકમનામા મુજબની તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીના વ્યાજ સહિત લેણી નીકળતી રકમ રૂા.૮,૯૧,૦૬૩/- (અંકે રૂપિયા આઠ લાખ એકાંણુ હજાર ત્રેસઠ પુરા) તથા તે રકમ ઉપર તા.૦૧/૦૪/૨૦૨૩ થી ૧૨.૫૦% તથા ૨% દંડનીય વ્યાજ લેખે સાદા વ્યાજે ચુકવણા તારીખ સુધીનુ વ્યાજ તથા ખર્ચા

હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્વપુર્ણ માહિતીઃ	(૧) હરાજીની તારીખ અને સમય:	તા.૦૨/૦૬/૨૦૨૬ ના રોજ અનું.નં.૧ વાળી મિલકત સવારે ૧૦:૩૦ કલાકે અનું.નં.૨ વાળી મિલકત બપોરે ૧૨:૦૦ કલાકે અનું.નં.૩ વાળી મિલકત બપોરે ૧૨:૩૦ કલાકે

(૨) બિડ જમા કરાવવાનું અને હરાજીનું સ્થળ: સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ.મહેસાણા હેડ ઓફીસ : સર્વોદય બેન્ક રોડ, ભમ્મરીયા નાળા પાસે, મહેસાણા-૩૮૪૦૦૨ (૩) બિડ જમા કરાવવાની છેલ્લી તારીખ: **તા.૦૧/૦૬/૨૦૨૬ ના રોજ** સાંજે ૪:૦૦ વાગ્યે અથવા એ પહેલા (૪) જાહેર નિરીક્ષણ : બીડરે મિલકતનું જાહેર નિરીક્ષણ કરવા માટે બેંકને લેખિત વિનંતી પત્ર આપવો પડશે. વધુ વિગત માટે **રીકવરી વિભાગ, હેડ ઓફીસ, મહેસાણાનો સંપર્ક કરવો. ફોન નંબર:** ૦૨૭૬૨ ૨૩૦૨૬૯, રસ ધરાવતા બીડરો/ઓફરકર્તાએ બેંકના રીકવરી વિભાગમાંથી ટેન્ડર ફોર્મ મેળવીને પોતાની પુરી વિગતો સાથે નિયત સમયમાં ઉપર જણાવેલ બેંકના સરનામા પર સીલબંધ ઓફર / ટેન્ડર રજૂ કરી શકે છે. **(૫) બીડરે ઓફર કવર ઉપર કઈ મિલકત માટે બીડ કરે છે તે સ્પષ્ટ લખવું અને પોતાનું નામ અને મોબાઈલ નંબર લખવો.** વેચાણ ચુસ્તપણે સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ મુજબની શરતો અને નિયમોને આધીન રહેશે. ઉપરાંત હરાજીની વિગતવાર શરતો અને નિયમો બેંકની વેબસાઈટ, બેંકના નોટીસ બોર્ડ ઉપર, ટેન્ડર ફોર્મમાં તથા વેચાણ પાત્ર મિલકત ઉપર વેચાણની નોટીસ સાથે જણાવેલ છે તે શરતો અને નિયમોને બીડરોએ ધ્યાનમાં લેવા વિનંતી છે. હરાજીની શરતો હરાજી વખતે વાંચી સંભળાવવામાં આવશે.

ખાતેદાર તથા જામીનદાર માટે નોટીસ: (૧) આથી દેવાદાર / જામીનદાર / ગીરવેદારને હરાજીની તારીખ પહેલા ઉપર જણાવેલ રકમ તેમજ અંતિમ તારીખ સુધીનું વ્યાજ અને આકસ્મિક ખર્ચા ચૂકવીને તારણવાળી મિલકત છોડાવી લેવા જાણ કરવામાં આવે છે જેમાં નિષ્ફળ જતા મિલકતનુ વેચાણ કરવામાં આવશે અને જો કોઈ રકમ વસુલવાની બાકી રહેશે તો વ્યાજ અને ખર્ચ સહીત વસુલવામાં આવશે. (૨) આ વેચાણ નોટીસ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ નિયમો - ૨૦૦૨ ના નિયમ (૬) અને ૯(૧) હેઠળ દેવાદાર / સહ દેવાદાર / જામીનદાર / ગીરવેદારોને ૧૫ દિવસીય નોટીસ તરીકે પણ ગણવાની રહેશે. (૩) દેવાદારોએ પોતાની મુવેબલ સામાન જે વાસ્તવિક કબજો લેવાના સમયે સીકયોર્ડ એસેટમાં રહી ગયેલ હોય તો તે આ નોટીસ પ્રગટ થયેથી ૭ દિવસની અંદર બેંકના અધિકૃત અધિકારી પાસે લેખિત માંગણી કરીને લઈ જવા જાણ કરવામાં આવે છે. (૪) સંજોગો વસાત સિકયોર્ડ એસેટમાં રહેલ મુવેબલ મિલકતના કોઈ પણ ભાગને આંશિક કે સંપૂર્ણ નુકશાન થશે તો પણ બેંકની જવાબદારી રહેશે નહી. (૫) દેવાદારને વધુમાં નોટીસ આપવામાં આવે છે કે સીકયોર્ડ એસેટમાં રહેલી જંગમ મિલકત તથા તારણવાળી મિલકત નિયત સમયમાં છોડાવવા નિષ્ફળ જશે તો સરફેસીના કાયદાની જોગવાઈ મુજબ તેનો નિકાલ કરવામાં આવશે. નકકી કરેલ રીઝર્વ પ્રાઈઝ કરતાં ઓછી કિંમતે મિલકતનું વેચાણ થઈ શકશે નહી.

તારીખ:૨૮/૦૪/૨૦૨૬
સ્થળ : મહેસાણા

અધિકૃત અધિકારી
સર્વોદય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેન્ક લિ.મહેસાણા